મે-૨૦૨૪

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

Most of us would be considering ourselves lucky to have retired gracefully and become worthy of respect of the society because of ourbank's job. However, after a couple of years of retirement some of us may be having a feeling of disconnect from the mainstream. Such feelings are quite natural and if one feels that way, she/he should feel happy the at least she/he is aware of the deep seated feeling and that awareness will lead her/him to find a way out of such depressive feeling.

If we go back to our childhood in late 40s or early 50s when we were living in the joint families. Just think of the routine of our grand parents in those days when medical science was not so advanced. Even cure post cataract operation used to take 10+ days and protracted use of black glasses! Some of them had developed hearing problems and you have to talk to them aloud to drive home our point! In those days these deficiencies in our sense of hearing and sight were considered part of aging process. People used to take it as God given gift to withdraw from what is happening "outside" and to concentrate "inside". So people in age group of early sixties to seventies used to meditate or spend more time in reading religious or spiritual texts to deep dive within one self. A transition from materialistic life to spiritual life unconcerned of the family or social ecosystem. In a way it was the process of winding up and preparing for an event which-will be witnessed by everyone except the person preparing for such event called Death!

Now that medical science has evolved and fortunately for our fraternity, the Bank has taken reasonably good care of us in the form of medical insurance, we don't feel aged and worn out physically. At 70+ we feel we are still young and can continue to enjoy the materialistic life. Nothing wrong! However, whenever the feeling of being out of mainstream (at family or social level) sets in despite good physical conditions, one should be alert and either share such feelings with the close friends or relative to feel ventilated of such feelings. Awareness may also give one an opportunity to diversify interests say like learning some music (vocal or instrumental), painting, writing, travelling, photography or even offering services to the society pro bono as there cannot be better time for a pay back! Such hobbies/activities give all of us an opportunity to improve our mental and emotional health and benefit the society in many ways.

We know a few pensioners are involved in such hobbies or services. However, at individual and organisational level we can contribute much more to improve our environment and social behaviour.

Take care and be grateful for whatever has come our way that has helped us reaching this stage in life. Life is to enjoy all the surprises that it offers to us.

---

**પ્રિય મિત્રો,**

**આપણામાંના મોટા ભાગના લોકો પોતાની જાતને નસીબદાર માનતા હશે કે આપણે બેંકની નોકરીમાંથી નિવૃત્તિ બાદ પણ સમાજમાં આદરને પાત્ર બન્યા છીએ. જો કે, નિવૃત્તિના બે વર્ષ પછી આપણામાંથી કેટલાકને મુખ્ય પ્રવાહથી અલગ થયાની લાગણીનો અનુભવ થયો હશે. આવી લાગણીઓ તદ્દન સ્વાભાવિક છે અને જો કોઈ વ્યક્તિ એવું અનુભવે છે, તો તેણે આ ક્ષણે ખુશ થવું જોઈએ કે પોતાના હૃદયની લાગણીથી વાકેફ છે. આવી જાગૃતિ તેને હતાશાની લાગણીમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવા તરફ દોરી જશે.**

**આપણે જ્યારે ૪૦ના દાયકાના અંતમાં અથવા ૫૦ના દાયકાની શરૂઆતમાં આપણે સંયુક્ત પરિવારોમાં રહેતા હતા ત્યારે આપણાં બાળપણને યાદ કરીએ. એ દિવસોમાં જ્યારે મેડિકલ સાયન્સ આટલું વિકસિત નહોતું ત્યારે આપણાં દાદા-દાદીની દિનચર્યાને યાદ કરો. મોતિયા પછીના ઓપરેશનમાં પણ દસ કરતાં વધુ દિવસનો સમય લાગતો હતો અને કાળા ચશ્માનો લાંબા સમય સુધી ઉપયોગ કરવામાં આવતો. તેમાંથી કેટલાકને સાંભળવાની સમસ્યાના કારણે તેમની સાથે મોટા**

વર્ષ-૧૭ ● અંક : ૫
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

અવાજે વાત કરવી પડતી. તે સમયમાં આપણી શ્રવણ અને દ્દષ્ટિની આ ખામીઓને વૃધ્ધત્વની પ્રક્રિયાના ભાગ તરીકે માનવામાં આવતી હતી. લોકો તેને 'બહાર' જે થઈ રહ્યું છે તેમાંથી દૂર જવા અને 'અંતર' ધ્યાન કેન્દ્રિત કરવા માટે ભગવાનની પ્રેરણા તરીકે સ્વીકારતા. તેથી જીવનની શરૂઆતના ૬૦ થી ૭૦ના દાયકાના લોકો મનન કરતા હતા. ધાર્મિક અથવા આધ્યાત્મિક ગ્રંથો વાંચવામાં વધુ સમય વિતાવતા હતા અને પોતાના અંતર મનમાં ઊંડા ઉતરતા હતા. ભૌતિક જીવન કે આધ્યાત્મિક જીવન તરફનું સંક્રમણ કુટુંબ અથવા સામાજિક 'ઈકો સિસ્ટમ'ની ચિંતા વગરનું રહેતું. એક રીતે તે જીવનની ઘટનાને સમાપ્ત કરવાની અને તેને તૈયારી કરવાની પ્રક્રિયા હતી.

હવે જ્યારે મેડીકલ સાયન્સનો વિકાસ થયો છે અને સદ્‌ભાગ્યે આપણાં માટે, બેંકે તબીબી વીમાના રૂપમાં આપણી યોગ્ય કાળજી લીધી. ત્યારે આપણે વૃદ્ધ અને સારી રીતે થાક અનુભવતા નથી. ૭૦+ પર આપણને લાગે છે કે આપણે હજુ પણ યુવાન છીએ અને ભૌતિક જીવનનો આનંદ માણવાનું ચાલુ રાખી શકીએ છીએ. આમાં કશું જ ખોટું નથી ! જો કે, જ્યારે પણ સક્ષમ શારીરિક સ્થિતિ હોવા છતાં (કુટુંબ અથવા સામાજિક સ્તરે) મુખ્ય પ્રવાહની બહાર હોવાની લાગણી પ્રસ્થાપિત થાય છે, ત્યારે વ્યક્તિએ સાવચેત રહેવું જોઈએ અને આવી લાગણીઓની 'વેન્ટીલેટેડ' અનુભવવા માટે નજીકના મિત્રો અથવા સંબંધીઓ સાથે આવી લાગણીઓ શેર કરવી જોઈએ. આવી લાગણીઓ આપણને રૂચિઓમાં વિવિધતા લાવવાની તક પણ આપી શકે છે. જેમકે, સંગીત શીખવું (કંઠ્ય અથવા વાદ્ય), પેઈન્ટીંગ, લેખન, મુસાફરી, ફોટોગ્રાફી અથવા સમાજને સેવાઓ પ્રદાન કરવી. કારણ કે આપણને સમાજ પ્રત્યે ઋણ ચુકવવા માટે આથી વધુ સારો સમય હોઈ શકે નહીં ! આવા શોખ/પ્રવૃત્તિઓ આપણને આપણું માનસિક અને ભાવાત્મક સ્વાસ્થ્ય સુધારવાની અને સમાજને ઘણી રીતે લાભ પહોંચાડવાની તક આપે છે. આપણે જાણીએ છીએ કે કેટલાંક પેન્શનરો આવા શોખ અથવા સેવાઓ સાથે સંકળાયેલા છે. જો કે, વ્યક્તિગત અને સંસ્થાકિય સ્તરે આપણે આપણા પર્યાવરણ અને સામાજિક વર્તનને સુધારવા માટે ઘણું વધારે યોગદાન આપી શકીએ. આપણને જે મળ્યું છે તેના માટે આભારી બનો. જેણે આપણને જીવનમાં આ તબક્કે પહોંચવામાં મદદ કરી છે. જીવનની દરેક ક્ષણે આનંદ માણવાનો છે.

કમાલ કાદરી
સંપાદક






ચિંતા એ અંધારિયો ઓરડો છે, જેમાં નકારાત્મકતાનો ફોટો ડેવલપ થતો રહે છે.



## મંથલી મિટીંગ







એપ્રિલ મહિનાની મંથલી મિટીંગ બુધવારના બદલે ગુરૂવારને તા. ૧૮-૦૪-૨૦૨૪ના રોજ એલએચઓ બિલ્ડીંગ, લાલદરવાજા ખાતે યોજાઈ. આ મિટીંગમાં "કાયાકલ્પ હેલ્થ ક્યોર"ના ડો. વિનોદ એસ. જાદવ (BSAM, DNYS) તથા ડો. કુલદીપ ગોધાવીયા (BHMS, CMSNID) દ્વારા શરીરના લગભગ ૫૧ પ્રકારના ચેકઅપ રિપોર્ટ જાપાનીઝ ટેક્નોલોજી (QRMA) 12G મશીન દ્વારા સંપૂર્ણ બોડીચેકઅપ એનાલીસીસ, કોઈ પણ દુખાવા વગરની તપાસ કરવામાં આવી. બંને ડોક્ટરો દ્વારા જાપાનીઝ મશીન દ્વારા સંપુર્ણ બોડી ચેકઅપ કેવી રીતે થાય છે તેમજ નિરોગી રહેવા માટે, શરીરમાં ભવિષ્યમાં થઈ શકે તેવા રોગોથી કેવી રીતે બચી શકાય તેનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, અમદાવાદના સહયોગથી રૂા. ૩૧૦૦/-ની કિંમતના સ્કેન રિપોર્ટ પેન્શનરોને નિ:શુલ્ક આપવામાં આવ્યા. આ રિપોર્ટની અગત્યતા સમજીને મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા. બંને ડોક્ટરો પોતાની ટીમ સાથે રાત્રે ૧૦.૩૦ સુધી ઉપસ્થિત રહીને તમામ પેન્શનરોનું ચેકઅપ કરવામાં આવ્યું. આ પ્રસંગે પેન્શનર્સ એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમાર, કારોબારી સભ્ય સર્વશ્રી સુભાષ પટેલ, એ. કે. બથવાર, આર. વી. મકવાણા તથા શ્રી સી. બી. જાજલ અને પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે શ્રી પી. જી. પારઘીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.


SBI

**DENTAL CARE IMPLANT AND LASER CENTER**

**DR.DEVAL TRIVEDI**

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

**ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY**

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

**NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES**
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

# ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતિની ઉજવણી




દર વર્ષે ૧૪મી એપ્રિલ ભારતભરમાં "ભારતરત્ન્", "બંધારણના ઘડવૈયા", ડો. બાબા સાહેબ આંબેડકરજીની જન્મજયંતિ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪-૦૪-૨૦૨૪ને રવિવારના રોજ સારંગપુર સર્કલ, અમદાવાદ ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એમ્પ્લોઈઝ યુનિયન થકી "છાસ- -વિતરણ કેન્દ્ર"નું આયોજન કરવામાં આવેલ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી **શ્રી અનિલ ડાવર**ના સહયોગથી આ કાર્યક્રમમાં સહભાગી થયેલ. તદ્ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી થેલેસીમીયા પિડીત બાળકોના લાભાર્થે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ રક્તદાન દરમિયાન કુલ **૨૩** વ્યક્તિઓએ રક્તદાન કરી આ સેવાયજ્ઞમાં સહભાગી થયેલ. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, ટ્રેઝરરશ્રી રવિ સોલંકી, કારોબારી સભ્ય સર્વશ્રી એ. કે. બથવાર, આર. વી. મકવાણા, આર. કે. પરીખ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા દર વર્ષે ૧૪મી એપ્રિલે 'ભારતરત્ન' બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિની ઉજવણી ઉમંગ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે



છે. આ વર્ષે પણ ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪-૦૪-૨૦૨૪ને રવિવારના રોજ સારંગપુર સર્કલ, અમદાવાદ ખાતે ઉજવણીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એમ્પ્લોઈઝ યુનિયનના સિનિયર જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી દેવેશ પાનીકર, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા, રાજેન્દ્ર સોલંકી, ડે. જનરલ સેક્રેટરી શ્રી રાજુભાઈ પટેલ, રિજીયોનલ સેક્રેટરી રાહુલ સોલંકી તથા સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ અને તેમની ટીમ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા. ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ડો. બાબા સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી.


કમર,ગરદન,સાઈટિકા,ખભાનાં દુઃખાવા ની ઓપરેશન વગર સારવાર



ડો. હેમાક્ષી અંબાણી
એમ.બી. એમ.ડી
ઈન્ટરવેન્શનલ પેઈન ફિઝીશિયન
એક્સ આસી.પ્રોફેસર બી.જે મેડીકલ કોલેજ
ફેલો સી.પી.એમ.સી. એટલાન્ટા, યુ.એસ.એ.

કમર,ગરદન,સાઈટિકા,ખભાનાં દુઃખાવા ના નિષ્ણાંત

SHIVAM HOSPITAL (SINCE 1996)
Shivam Orthopaedic Hospital & Joint Replacement Centre
2 Chaitanya Society, opp. IIM New Gate, Vastrapur, Ahmedabad.
For Appointment Call Now - 9428595302 | 9428595303

## સંસ્કારી નગરી, વડોદરાના આંગણે યોજાયો પેન્શનર્સ મીટ, ડિરેક્ટરી વિમોચન અને સન્માન સમારોહનો અનેરો અવસર







ઢળતી સોનેરી સંધ્યાએ, ખુલ્લા આસમાન નીચે, મંદ મંદ વાયુની લહેરો વચ્ચે વડોદરા શહેરના પેન્શનર્સ પરિવારો તા. ૧૫-૦૪-૨૦૨૪ના રોજ **"વાકળ સેવા કેન્દ્ર"** વડોદરા ખાતે લગ્નજીવનના ૫૦ વર્ષ તથા ૭૦ વર્ષની ઉંમર પૂર્ણ કરનાર પેન્શનર્સ મિત્રોનો સન્માન સમારોહની સાથે પેન્શનર્સ ડિરેક્ટરીનું વિમોચન તથા પેન્શનર્સ મીટમાં મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. એકબીજાને મળવા હળવાના રૂડા અવસરને સૌ કોઈએ દિલથી માણ્યો હતો. વડોદરા યુનિટનો ત્રિવેણી સંગમ રૂપી કાર્યક્રમમાં મજબુત અને સેવાભાવી કાર્યકરો તથા વડોદરાની ટીમ દ્વારા રજિસ્ટ્રેશનની સુંદર વ્યવસ્થા સાથે નિમંત્રિત પેન્શનર્સ મિત્રોને લાગણીઓથી આવકારીને તેમનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો. જેમ જેમ સંધ્યાના સોનેરી કિરણો શાંત થઈ રહ્યાં હતા. તેમ તેમ મહેફિલની રંગત જામતી ગઈ હતી. આજના સમારોહના મુખ્ય મહેમાન એસબીઆઈ એલએચઓના સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબ, એજીએમ પીપીજી શ્રી સુબ્રતો રંજનદાસ, એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના પ્રમુખશ્રી નિલેશ રાડીયા, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના ડીજીએસ શ્રી કૌશિક પટેલ, સેવાના ડીજીએસ શ્રી વસાવા ઉપરાંત SBIPAના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ સર્વશ્રી પી. જી. પારઘી, સુભાષ પટેલ, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, ટ્રેઝરરશ્રી રવિ સોલંકી, કારોબારી સભ્ય સર્વશ્રી અરવિંદ બથવાર, સુભાષ પટેલ, જીકેશ પટેલ, કે. એન. મહેતા, લલીથા ઐય્યર તથા SBI EMPLOYEES UNIONના પૂર્વ પ્રેસિડેન્ટ શ્રી ભરતસિંહ ચૌહાણ, પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી હેમંત આચાર્ય, આમંત્રિત મહેમાનોના આગમને કાર્યક્રમના શુભારંભે વેગ પકડ્યો હતો. મનભાવન વાતાવરણ વચ્ચે સૌ પ્રથમ પરમકૃપાળું પરમાત્માને યાદ કરવા માટે વડોદરાની બહેનો સર્વશ્રી કેતકી પરીખ, શીલા શાહ, છાયા શાહ, કંચન દીક્ષિત, પારૂલ શાહના ગાયક વૃંદે પ્રાર્થના રજુ કરી હતી. સમારોહના મુખ્ય મહેમાન શ્રી વિક્રમ ઝા સાહેબને અને ઉપસ્થિતિ મહેમાનો દ્વારા અગ્નિની સાક્ષીએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો. પેનર્સ પરિવારના મિત્રોની અણધારી વિદાયને તેમના આત્માની શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.



કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનું પુષ્પોથી કમિટી સદસ્ય નયનાબેન સેલત દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. શબ્દોથી સ્વાગત વડોદરા એડમિનના ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું. સમારોહના મુખ્ય મહેમાન શ્રી વિક્રમ ઝા સાહેબ, એજીએમ-પીપીજી શ્રી સુબ્રતો રંજનદાસ, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના પ્રમુખ શ્રી નિલેશ રાડિયા, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના શ્રી કૌશિક પટેલ, સેવાના ડીજીએસ શ્રી વસાવાભાઈ, એસબીઆઈ પેન્શનર્સ એસો.ના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું.

### ડિરેક્ટરીનું વિમોચન :

કાર્યક્રમના અમૂલ્ય આભૂષણ તરીકે વડોદરા શહેરના પેન્શનરોની ડિરેક્ટરીનું સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબની સાથે ડાયસ ઉપર બિરાજમાન તમામ મહાનુભાવ દ્વારા વિમોચન કરવામાં આવ્યું. વડોદરા શહેરના પેન્શનરોની ડિરેક્ટરી બનાવવા, સમગ્ર સ્વયંસેવકની ટીમે ખૂબ જ જહેમત ઉઠાવી છે. ડિરેક્ટરીની આ ત્રીજી આવૃત્તિ છે. વર્ષ ૨૦૧૨માં ૫૪૦, ૨૦૧૮માં ૧૧૫૨ અને ૨૦૨૪માં ૧૯૯૭ પેન્શનર્સની માહિતી છે. આ ત્રણેય આવૃત્તિમાં જેને ચિવટભરી રીતે બને તેટલી ક્ષતિ રહિત કરવામાં શ્રી નિલકંઠ વ્યાસ અને શ્રી દિલીપ મજમુદારનું ખાસ યોગદાન રહ્યું છે.

### સન્માન સમારોહ :

વડોદરા યુનિટના પેન્શનર્સ પરિવારના ૭૦ વર્ષ પૂર્ણ કરનાર નિમંત્રિત પેન્શનરોનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. SBIPAના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી અને ડીજીએસ શ્રી સુધીરભાઈ જાનીનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું. વડોદરા યુનિટના લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર અને નિમંત્રિત પેન્શનર્સ મિત્રોનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી મહેશ ગોયેલ, રિટાયર્ડ સીજીએમ પણ ખાસ હાજર રહ્યાં અને પોતાના વક્તવ્યમાં આ પ્રસંગે હાજર રહેવા માટે ખુશી વ્યક્ત કરી. પોતાના કાર્યકાળનો ઉલ્લેખ કરી આનંદ વ્યક્ત કર્યો. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સુભાષભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી.

ખૂબ જ આહ્લાદક વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો.



# એસબીઆઈપીએની સુરત એડમિન ઓફિસનો શુભારંભ










આપણી સુરત એડમિન ઓફિસ બિલ્ડીંગમાં, સુરત SBIPAની ઓફિસનું ઉદ્ઘાટન તા. ૧૦-૦૫-૨૦૨૪ને શુક્રવારના રોજ ડીજીએમ શ્રી દિપકસિંઘ ચંદેલના વરદ્ હસ્તે બીજા માળે, એસબીઆઇ એડમિન ઓફિસ, ઘોડદોડ રોડ, ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે સીએમ (એચઆર) ભલ્લા, એસબીઆઇ ઓફિસર્સ એસો.ના ડીજીએસ શ્રી જયેશ જોગડિયા, એસબીઆઇ એમ્પ્લોઇઝ યુનિયનના ડીજીએસ શ્રી યોગેશ પટેલ, તથા સેવા ડીજીએસ શ્રી પંકજ પટેલ તથા સુરત એડમિન ઓફિસના ૨૦૦થી વધુ પેન્શનર્સ મિત્રો, અમદાવાદથી સર્વશ્રી પી.જી. પારઘી, રવિ સોલંકી, સુભાષ પટેલ, અરવિંદ બથવાર, વડોદરાથી સુભાષભાઈ પટેલ, શ્રીમતી નયનાબેન સેલત, પ્રકાશ મંગલાની હાજર રહીને પ્રસંગને દિપાવ્યો. આ પ્રસંગે શ્રી દિપકસિંઘ ચંદેલ, ડીજીએમએ એસબીઆઈપીએના સભ્યોના પ્રશ્નોના નિરાકરણમાં આ ઓફિસ સહાયભૂત રહેશે અને પ્રશ્નોના ત્વરિત નિકાલ માટેની ખાત્રી આપી. ડીજીએમ શ્રી દિપકસિંઘ ચંદેલનો આભાર માનીને મેનેજમેન્ટને પેન્શનર્સ એસોસીએશનના બેંકની પ્રગતિને લગતા પ્રશ્નોમાં સહકારની સંપૂર્ણ ખાત્રી આપી હતી. જનરલ સેક્રેટરી શ્રી કાદરીએ જણાવેલ કે આજે આપણી ઓફિસનું ઉદ્ઘાટન થતાં ઘણાં લાંબા સમયની






જ્યારે ક્રોધ નમ્રતાનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે ઘમંડ પણ નતમસ્તક બની જાય છે.








આતૂરતાનો અંત આવેલ છે. આ સાથે વર્તમાન સમયમાં મેળવેલ સિદ્ધિઓને પણ વર્ણવી હતી. અને ડીજીએમ શ્રી ચંદેલ સાહેબનો સુરત ઓફિસની ફાળવણી માટે સર્કલના ૧૭૮૬૮ પેન્શનર્સ વતી અંતરની લાગણીઓથી આભાર માન્યો હતો. આ પ્રસંગે શ્રી પી. જી. પારઘી વાઈસ પ્રેસિડેન્ટ તથા શ્રી રાજુભાઈ દેસાઈ-ડીજીએસે સુરતના પેન્શનર્સ મિત્રોને ઓફિસમાં હાજર રહી સુરતના સભ્યોના પ્રશ્નોના યોગ્ય નિરાકરણ લાવવા માટે ખાત્રી આપી હતી.

**Rs. 10 lakhs Invested into SBI MF's recently launched NFOs**

Creating wealth & capturing Market Opportunities for Investors, Time & Again

ALL NFOs Outperformed over SENSEX

| Scheme Name | NFO date | Today's NAV | Investment Duration from NFO | Today's valuation | Gain in scheme NAV (%) | SENSEX GAIN (%) |
|---|---|---|---|---|---|---|
| SBI Magnum Children's Benefit fund | 07-10-2020 | 33.82 | 1281 das | 33,82,169 | 238.22% | 87.09% |
| SBI Balanced Advnatage fund | 07-09-2021 | 13.9 | 955 days | 13,90,843 | 39.08% | 28.02% |
| SBI Multicap fund | 15-03-2022 | 14.18 | 765 days | 14,18,501 | 41.85% | 33.77% |
| SBI Dividend Yield Fund | 05-03-2023 | 13.98 | 415 days | 13,98,291 | 39.83% | 29.45% |
| SBI Energy Opportunities Fund | 01-03-2024 | 10.66 | 67 days | 10,66,486 | 7.60% | 1.17% |

(NAV data as on 2nd May, 2024)

Exciitng opportunities are about to unfold from 17th May, 2024

**SBI AUTOMOTIVE OPPORTUNITIES FUND**

NFO OPENS: 17th MAY, 2024 NFO CLOSES : 31st MAY, 2024

For more info, Contact Mr. Amrish Shah (Ex.Retired SBI emp) : 93270 08653

G/22, Hemkoot Building, Nr.Gandhi Ashram Railway Station, Ashram Road, Ahmedabad.

Mutual fund investments are subject to market risks, read all scheme related documents carefully





મોતી મેળવવા હોય તો સપાટી નહીં, તળિયાને સ્પર્શો.


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

## સંગીત... સ્વાસ્થ્ય... સન્માન...નો ત્રિવેણી સંગમ
## તા. ૨૫-૦૪-૨૦૨૪, ટાગોર હોલ, પાલડી, અમદાવાદ ખાતે યોજાયો અદ્ભૂત કાર્યક્રમ



અમદાવાદ પેન્શનર્સ પરિવાર માટે તા. ૨૫-૦૪-૨૦૨૪નો દિવસ યાદગાર બની ગયો. બળબળતાં બપોરની પરવા કર્યા વગર પેન્શનરો વિરાટ મેદની સ્વરૂપે ઉમટ્યા હતા. ટાગોર હોલ, પાલડીના આંગણે જાણે, આનંદ, ઉમંગ અને ઉત્સવનો મેળો જામ્યો ન હોય ! હોલના પ્રવેશ દ્વારથી હૈયે હૈયું દબાય એવી મેદની જોઈને સહું કોઈ આનંદિત બની ગયા હતા. એમાંય સૌને ઉપયોગી તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે "પારેખ હોસ્પિટલ" દ્વારા હાડકાનો નિ:શુલ્ક વીએમડી ટેસ્ટ, એપીક હોસ્પિટલ દ્વારા હૃદયને લગતી બિમારીઓ માટે માહિતી માટેનો કેમ્પ સૌનું આકર્ષણ બન્યું હતું. એસબીઆઈપીએ અમદાવાદની ટીમના વોલિયન્ટર્સની ટીમ દ્વારા પધારેલ પેન્શનરોનું સ્વાગત કરીને રજિસ્ટ્રેશનની અદ્ભૂત વ્યવસ્થાએ સૌના દિલ જીતી લીધા. સમારોહના ખાસ મહેમાનોની પરિચય કરાવતી સ્ટેન્ડી અને એલઈડી સ્ક્રિન એક અનેરૂં આકર્ષણ બની હતી.






**સંગીતની મહેફીલ :**




આવી અસહ્ય ગરમીમાં શરીરની ઠંડક માટે ટાગોર હોલની ઠંડક તેમજ દિલોદિમાગની ઠંડક માટે સંગીતની મહેફીલ પેન્શનર્સ પરિવારના ઉમદાગાયક, "વોઈસ ઓફ મોહમદ રફી" એવા શ્રી પવનકુમાર સાથે સંગીતની સુરાવલીઓ રેલાવનાર શ્રી કૈલાસ બુધોરીની જુગલ જોડીએ ઉપસ્થિત પેન્શનરોના મન મોહી લીધા. સહકલાકાર તરીકે શ્રી કૈલાસ બુધોરીની સુપુત્રી ધારીણીએ સંગીતની મહેફીલને રોમાંચક બનાવી હતી. શ્રી પવનકુમારે મહમદ રફીના યાદગાર ગીતોની રમઝટથી સૌના દિલ ઝુમી ઉઠ્યા હતા. શ્રી પવનકુમારે કાર્યક્રમમાં પધારેલ એસબીઆઈ- એલએચઓના સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબની ફરમાઈસનું ગીત રજુ કરીને ઉપસ્થિત મહેમાનોને રંગતમાં લાવી દીધા હતા. કાર્યક્રમના અન્ય મહેમાનોમાં એસબીઆઈ પીપીજીએજીએમ શ્રી સુબ્રતો રંજનદાસ, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અનિલ ડાવર,

સેવાના જનરલ સેક્રેટરી શ્રી પીયુષભાઈ વ્યાસ અને અન્ય આમંત્રિત મહેમાનોના પણ દિલ જીતી લીધા હતા. આમ ૩ કલાક એસબીઆઈ પરીવારજનોએ સંગીતની મહેફીલની મોજ માણી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પરમકૃપાળું પરમાત્માને યાદ કરતી પ્રાર્થના શ્રીમતી પ્રજ્ઞા શાહે રજુ કરી હતી. પ્રાર્થનાથી આંતરમન સમૃદ્ધ થયું હતું. તેવા સમયે ઉપસ્થિત મેહમાનો શ્રી વિક્રમ ઝા સાહેબ, શ્રી અનિલ ડાવર, શ્રી પિયુષ વ્યાસ, શ્રી આર. એન. ચોક્સી, શ્રી કમાલ કાદરી અને ઉપસ્થિત અન્ય મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી અગ્નિની સાક્ષીએ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આજના કાર્યક્રમના નાભિબિંદુસમા લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર કુલ ૭૫ દંપતિઓને મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું. સફળ લગ્નજીવનની પ્રતિતી કરાવતાં પેન્શનર દંપતિઓનું સૌની વચ્ચે થયેલું યાદગાર સન્માન તેમના તેમના સ્મૃતિપટ પર અંકિત થઈ ગયું.

### જોગાનુજોગ જન્મ દિવસનો શુભસંયોગ




આ કાર્યક્રમમાં આપણા નિમંત્રણને માન આપીને પધારેલા. એસબીઆઇ એમ્પ્લોઈઝ યુનિયનના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી પ્રખર ટ્રેડ યુનિયનિસ્ટ એવા **શ્રી રામુ પંડિત** સાહેબની જોગાનુજોગ આજના દિવસે જ જન્મ દિવસ હોઈ આપણા એસોસીએશનના પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી દ્વારા અન્ય આમંત્રિતોની ઉપસ્થિતિમાં તેમના જન્મદિવસની ઉજવણી રૂપે પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરી અને શુભેચ્છા પાઠવવામાં આવી. ઉપસ્થિત માનવ મહેરામણે આ પ્રસંગે શ્રી રામુ પંડિત સાહેબને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી.

### તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે




પેન્શનર્સ પરિવારના તમામ સદસ્યોની તંદુરસ્ત જીવનશૈલી માટે તેમજ આજના સમયની મહત્તમ શારીરિક સમસ્યાઓ એટલે ઘૂંટણના દુખાવા તેમજ હૃદયને લગતી બિમારીઓ આ બંને સમસ્યાઓના સમાધાન માટે બે નામાંકિત ડોક્ટરો દ્વારા સમસ્યાઓના નિવારણ અને માર્ગદર્શન માટે પ્રેઝન્ટેશન કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. ઘૂંટણની સમસ્યાઓ માટે પારેખ્સ હોસ્પિટલના નામાંકિત ઓર્થોપેડિક સર્જન ડો. ડિમ્પલ પારેખ દ્વારા ઘૂંટણની સમસ્યાઓ કેવી રીતે ઉદ્દ્ભવે છે અને તેના નિવારણ માટે યોગ્ય માર્ગદર્શન તેમના દ્વારા રોબોટિક ઓપરેશન વિશે વિગતવાર માહિતી આપી હતી. જે તમામ પેન્શનરો માટે ઉપયોગી હતી.




આધુનિક સમયમાં હૃદયની બિમારીઓ અને ખાસ કરીને યુવાવર્ગમાં થતા હૃદયના હુમલાઓ એક ગંભીર સમસ્યા છે ત્યારે નામાંકિત કાર્ડિયોલોજીસ્ટ, એપીક હોસ્પિટલના ડો. અનિલ જૈન દ્વારા હળવી શૈલીમાં એકદમ સરળતાથી, સૌ કોઈ સમજી શકે તે રીતે હૃદયની રચના તેમજ તેને લગતા ઓપરેશન કેવી રીતે કરવામાં આવે છે, ઉપરાંત હૃદયની નળીમાં બ્લોકેજ તેમજ કોલેસ્ટ્રોલ અને બ્લડપ્રેશર થવાના કારણો અને સમાધાન વિશે વિગતવાર માહિતી અને પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું. તેમના પ્રેઝન્ટેશન દ્વારા પેન્શનરોમાં

શરીરના મહત્વના અંગ હૃદય વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેના કારણે હૃદયને લગતી બિમારીઓના નિવારણ માટે પેન્શનરોમાં જાગૃતિ આવી હતી અને ખૂબ જ મહત્વની માહિતી મેળવીને મનમાં હળવાશ અનુભવી હતી. આ સ્વાસ્થ્ય બાબતે એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની ટીમ તમામ પેન્શનર્સોના સ્વાસ્થ્ય માટે સતત ચિંતિત રહે છે તેની પ્રતિતિ જોવા મળી. આમ બંને ડોક્ટરોના પ્રેઝન્ટેશને સમારોહમાં હાજર સભ્યોને હળવાશ આપી હતી.




કાર્યક્રમમાં સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પેન્શનરોની અદ્દભૂત હાજરીથી અભિભૂત થયો છું. પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટ દ્વારા પેન્શનરોના પ્રશ્નો માટે સતત રજુઆત કરતાં રહ્યાં છે અને અમારો આપના પ્રત્યેનો સકારાત્મક અભિગમ દ્વારા હંમેશા આપની સાથે છીએ તેમ જણાવ્યું હતું.





એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ૨૦૨૨ પછી પહેલીવાર કાર્યક્રમમાં લગ્નજીવનના ૫૦ વર્ષ અને ૭૦ની ઉંમર પૂર્ણ કરનાર **(પેન્શનરોની એસ.આઇ.ના નિયમને ધ્યાનમાં લીધા સિવાય)** નિમંત્રિત તમામ પેન્શનરોનું સન્માન કરવામાં આવ્યું.




એસબીઆઇપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી દ્વારા કાર્યક્રમના મુખ્ય મહેમાન સીજીએમ માનનિય શ્રી ક્ષિતિજ મોહન સાહેબ, જનરલ મેનેજર નેટવર્ક-૧ શ્રી શૈલેષ ઉન્નિથન સાહેબ, સીડીઓ શ્રી વિક્રમ ઝા સાહેબ, એસબીઆઇ એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અનિલ ડાવર, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ, અન્ય આમંત્રિત મહેમાનોની સાથે ઉપસ્થિત તમામ પેન્શનરોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને આજના કાર્યક્રમને સફળતા બક્ષવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.




જીએમ નેટવર્ક-૧ શ્રી શૈલેષ ઉન્નિથન સાહેબે પ્રાસંગિક ઉદ્દબોધનમાં નિમંત્રિત પેન્શનરોને શુભેચ્છા પાઠવી હતી.




 મૌન પણ તમને કંઇક શીખવતું હોય છે, જો તમે તેને ધ્યાનથી સાંભળો તો.

આપણા સીજીએમ શ્રી ક્ષિતિજ મોહન સાહેબે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પેન્શનર્સ એસોસીએશનની એક્ટિવીટીથી ખૂબ જ પ્રભાવીત થયો છું. પેન્શનરોના પ્રશ્નો માટે સીડીઓશ્રી વિક્રમ ઝા સાહેબને કામગીરી સોંપેલ છે તેમ જણાવ્યું. ઉપરાંત એમના દ્વારા પેન્શનર્સ એસો. માટે સકારાત્મક વલણની વાત કરી હતી અને આજના સફળ કાર્યક્રમ માટે અભિનંદન પાઠવ્યા હતા.




જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે આદરણીય સીજીએમશ્રી ક્ષિતિજ મોહન સાહેબ, જીએમ નેટવર્ક-૧ શ્રી શૈલેષ ઉન્નિથન સાહેબ, સીડીઓશ્રી વિક્રમ ઝા સાહેબ વિગેરે અત્યંત વ્યસ્ત સિડ્યુલ હોવા છતાં આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ તેમજ અત્યાર સુધીના મોટાભાગના પ્રશ્નોનું નિવારણ કરી પેન્શનર્સ એસોસીએશન અને પેન્શનરો માટે સકારાત્મક વલણ અપનાવ્યું. તે બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો.



૭૦ વર્ષની ઉપરની વય ધરાવનાર નિમંત્રિત ૨૨૦ પેન્શનર્સ મિત્રોનું શાલ અર્પણ કરીને મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું. ઘણાં લાંબા સમય સુધી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌની વચ્ચે થયેલું યાદગાર સન્માન તેઓની યાદોની ગઠરીમાં ઉમેરાઇ ગયું અને મનમાં અત્યંત પ્રશન્નતા અનુભવી.




અત્યાર સુધીના લાંબામાં લાંબા કાર્યક્રમમાં પણ પેન્શનરોની ઉપસ્થિતિ એસબીઆઇપીએના નેતાગીરીમાં અતૂટ વિશ્વાસ, શ્રદ્ધાની પ્રતિતિ થઇ. એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનના અમદાવાદના તમામ હોદ્દેદારો અને સક્રિય સભ્યોએ તેમને સોંપવામાં આવેલી. વોલેન્ટીયર્સની જવાબદારી બાખૂબી અદા કરી તે માટે તમામને દિલથી અભિનંદન.



**સ્વૈચ્છીક દાન**

આજના કાર્યક્રમમાં ઉપસ્થિત પેન્શનરો દ્વારા સ્વૈચ્છીક રીતે એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનને દાનના અવિરત પ્રવાહથી એક નવો સેવાનો ચિલો જોવા મળ્યો. લગ્ન જીવનના ૫૦ વર્ષ અને ૭૦ વર્ષ પૂર્ણ કરનાર મિત્રોના સન્માન સમારોહ વચ્ચે સભ્યો દ્વારા દાનની અવિરત સરવાણી વહેવા લાગી. જેના થકી SBIPAની ટીમની કામગીરી અને વિશ્વાસ વધુ મજબૂત બન્યો. દાન આપનાર સભ્યોની યાદી સામેલ છે. આ પ્રસંગે SBIPAની ટીમના ઉપપ્રમુખ સર્વશ્રી પી. જી. પારઘી, ચિંતક પટેલ, સુભાષ પટેલ, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણભાઇ વાઘેલા, ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, કમિટી સદસ્ય સર્વશ્રી હિમાંશુ શાહ, અમ્બરીશ હાથી, દિનાઝબેન, રેખાબેન, સુભાષ પટેલ, આર. વી. મકવાણા, એ. કે. બથવાર, રાજુભાઇ શાહ, રમેશ મહાવર, કે. એન. મહેતા, રાજુભાઇ ભટ્ટ, ટી. ડી. વાઘેલા વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ અદ્‌ભૂત કાર્યક્રમનું સંચાલન એસબીઆઇપીએના જોઇન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમારે કર્યું હતું.

# મંથલી મિટીંગ તા. ૧૫-૦૫-૨૦૨૪







ઉનાળાની કાળઝાળ ગરમી, પારો ૪૪ ડીગ્રીને પાર, અમદાવાદના રોડ સુમસામ, છતાં પણ પેન્શનર્સ એસોસીએશન પ્રત્યે લગાવ, પ્રેમ અને મમત્વની લાગણી સાથે બળબળતા બપોરે ૩.૩૦ વાગ્યે પેન્શનર્સ મિત્રો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એલએચઓ, બીજે માળ, સ્ટાફ કેન્ટીનમાં ૧૫૦થી વધુ સભ્યો મંથલી મિટીંગમાં હાજરી આપવા આવી પહોંચ્યા. ત્યારે એસબીઆઈપીએના હોદ્દેદારોની આંખમાં "હર્ષાશ્રુ" હતા. અમારા મનમાં હતું કે આવી કાળઝાળ ગરમીમાં સભ્યોની હાજરી પાંખી હશે.

આવી સ્નેહ નિતરતી સભામાં શ્રી પરાગભાઈ બૂચ, રિટાયર્ડ એજીએમ ખાસ મહેમાન તરીકે હાજર રહ્યા અને સભ્યોને સાયબર ફ્રોડ વિષે વિસ્તૃત માહિતી આપી.

શ્રી કમાલભાઈ કાદરી-જનરલ સેક્રેટરી, શ્રી પી. જી. પારઘી-વાઈસ પ્રેસિડેન્ટ, શ્રી રવિ સોલંકી-ખજાનચી વગેરેએ પ્રસંગોચિત્ત વક્તવ્ય આપ્યું અને આપણી માતૃસંસ્થાની કોઈપણ ટીકા-ટિપ્પણ સોશ્યલ મિડિયા પર ન કરવા સભ્યોને વિનંતી કરી. સર્વશ્રી અરવિંદ બથવાર, જીકેશ પટેલ અને આર. વી. મકવાણા, કારોબારી સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

## પેન્શનર્સ પ્રકાશ બાબતે...

SBIPA દ્વારા તમામ પેન્શનરોને નિયમિત પણે 'પેન્શનર્સ પ્રકાશ' મોકલવામાં આવે છે એમ છતાં પણ ઘણા સભ્યોને પોસ્ટ ઓફિસ દ્વારા ડિલીવરી કરવામાં આવતી નથી એવી ફરિયાદ મળે છે. આ બાબતે આપે આપના વિસ્તારની નજીકની પોસ્ટ ઓફિસમાં સંપર્ક સાધી લેખિત ફરિયાદ આપવી. વધુમાં પેન્શનર્સ પ્રકાશ દરેક પેન્શનરોના ઈ-મેઈલ તેમજ વોટ્સ અપમાં મોકલવામાં આવે છે. અમારો ઉદ્દેશ દરેક મિત્રો સુધી પેન્શનર્સ પ્રકાશ પહોંચે તેવો છે. આથી આ બાબતને ધ્યાનમાં લઈ સહકાર આપવા વિનંતી.

## દરેકના શરીરનો બાંધો અલગ, ઘૂંટણની રચના અલગ, તો દરેકની "ઘુંટણ બદલવાની (Knee Replacement) સર્જરી" એકસરખી કેમ?





હવે કરાવો પોતાના ઘૂંટણની ઓરીજીનલ રચના મુજબનું ની રિપ્લેસમેન્ટ

**Truly Personalized Knee Replacement**

ઘૂંટણ બદલવાની અત્યાધુનિક પદ્ધતિ

**ROBOTIC NKR**

NATURAL KNEE REPLACEMENT






### -: રોબોટિક NKR ના ફાયદા :-

- હાડકુ, લિગામેન્ટ, અને સ્નાયુ બચાવીને થતી સર્જરી
- જીવનપર્યન્ત ચાલે તેવો ઈમ્પ્લાન્ટ
- લોહી ની જરૂરિયાત નહિવત અને ઓછી પીડા
- તે જ દિવસે ચાલવું અને દાદર ચઢવું
- ઝડપી રિકવરી - હોસ્પિટલમાંથી વહેલા ડિસ્ચાર્જ
- યુવાન કુદરતી ઘૂંટણની લાગણી

**SBIના કર્મચારી અને પેન્શનર માટે**
**કેશલેસ/ રિએમ્બર્સમેન્ટ સુવિધા ઉપલબ્ધ**

**2700+** Google Review

**11000થી વધુ "ની રિપ્લેસમેન્ટ" સર્જરી અને**
**3000 થી વધુ "રોબોટિક નેચરલ ની રિપ્લેસમેન્ટ" સર્જરી**

### અન્ય ઉપલબ્ધ સારવાર:

- રિવિઝન જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
- કોમ્પ્લેક્સ ફ્રેક્ચર સર્જરી
- એક્સીડેન્ટ અને ફ્રેક્ચર સારવાર
- એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી
- રમતગમતની ઈજા અને આર્થ્રોસ્કોપિક સર્જરી
- બેક સ્કૂલ અને સ્પાઈન કેર
- પેઈન ક્લિનિક
- હિપ રિપ્લેસમેન્ટ સર્જરી

વડોદરા- વાયરૉક હોસ્પિટલ , આર્યકન્યા વિદ્યાલય રોડ, કારેલીબાગ.
6356300400/500
આણંદ- ઓમ્ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ., વેન્ડોર ચાર રસ્તા, અહિંસા ચોક.
02692-267005/06

VIROC
SUPER SPECIALITY ORTHOPEDIC HOSPITAL

## વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી



સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા 'સાહિત્ય સેતુ' રાજકોટ દ્વારા વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે થેલેસેમિયા પિડિત બાળકો કે જેમનો ખોરાક રક્ત છે. તેવા જનાના હોસ્પિટલમાં સારવાર માટે આવતા થેલેસેમિયા પિડિત બાળકોને ઉપયોગમાં આવે તેવા બાલ પુસ્તકોનું "બિરબલ મિયાં ફૂસકી" મહાપુરૂષોના જીવન ચરિત્રને લગતા ૧૦૦ જેટલાં બાલ સાહિત્યના પુસ્તકો એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનના ડેપ્યુટી જનરલ સેક્રેટરી શ્રી શરદભાઇ દવેના હસ્તે અર્પણ કરવામાં આવેલ. આ પ્રસંગે સાહિત્ય સેતુના અનુપમ દોશી, પંકજ રૂપારેલીયા, દક્ષિણભાઇ જોશી તથા હોસ્પિટલ સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહેલ.

---

## અભિનંદન



એસબીઆઇ પેન્શનર્સ પરિવાર, ભાવનગર યુનિટના શ્રી સુરેશભાઇ એમ. પરમાર વર્ષોથી સ્ટેટ વોલીબોલ એસોસીએશન સાથે સંકળાયેલ છે. સાથે ભૂ.પૂ. સ્ટેટ વોલીબોલ ખેલાડી પણ છે. હમણાં તેઓ કોર્પોરેટ વોલીબોલ લિગ સીઝન-૩માં ટીમ કોચ તરીકે તેમની વરણી થયેલ છે. એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશન તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## ઉમદા સેવા કાર્ય



એસ.ટી. બસ સ્ટેશન-રાજકોટમાં તા. ૨૮-૦૪-૨૦૨૪ના રોજ ૨૫૦૦ મુસાફરોને છાસ વિતરણ કરવામાં આવ્યું. શહેરની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા જૈન શ્રેષ્ઠી શ્રી વિરેન્દ્રભાઇ દોશી પરિવાર અને અન્ય દાતાના સહયોગથી ઉનાળાની કાળઝાળ ગરમી અને આકરા તાપમાં બસમાં મુસાફરી કરતાં યાત્રાળુંઓને ગરમીમાં રાહત થાય તે માટે તાજી અને પૌષ્ટિક ઠંડી છાશ વિતરણ શહેરના સેન્ટર એસ.ટી. ડેપોમાં અંદાજે ૨૫૦૦થી વધુ લોકોને છાસ વિતરણ કરવામાં આવ્યું. છાસ વિતરણ પ્રવૃત્તિના સેવા કાર્યમાં મોઢ વણિક મિત્ર મંડળના અગ્રણી શ્રી દિપકભાઇ કલ્યાણી, "સ્ટેટ બેન્ક નિવૃત્ત પરિવાર"ના શ્રી પ્રકાશભાઇ હાથી, શ્રી જમનભાઇ પરમાર, હર્ષાબેન વસાવડા તેમજ દમયંતીબેન લાભશંકર જોશી અને શ્રી અનુપમભાઇ દોશી સહભાગી બનેલ. તેઓના ઉમદા સેવાના કાર્યને અમો દિલથી બિરદાવીએ છીએ.

**SBI Pensioner's Association ની Whats App Chennal નો QR Code**

**આ QR Code Scan કરી પોતાનાં મોબાઈલમાં જોઈનનું બટન દબાવવું. જેથી તમે આ ચેનલમાં સામેલ થઈ જશો. અને અમારા તરફથી મોકલવામાં આવતા દરેક મેસેજ/મેગેઝીન વિગેરે આપને ત્વરિત મળી જશે.**


પ્રેમ ચંદ્ર સમાન છે, જો એ વધશે નહીં તો ઘટવાનું શરૂ કરશે.

## અનુકરણીય....
## આર્થિક સહયોગની સરવાણી



એસબીઆઈ પેન્શનર્સ પરિવારના માનનિય સદસ્ય શ્રી અશોક અમૃતલાલ સાહેબા, ગુજરાત રણજી ટ્રોફીના નામાંકીત ખેલાડી અને આપણા પેન્શનર્સ એસોસોસિએશનના માનનિય સદસ્ય દ્વારા પેન્શનર્સ એસોસીએશનની પ્રવૃત્તિ જોઈ પોતાની લાગણી, શુભેચ્છા રૂપે રૂા. ૨૫૦૦૦/-નું આર્થિક યોગદાન આપેલ છે. જેને અમો આભારની લાગણી સાથે સ્વીકારીને તેમની લાગણી સદાયે આપણા સંસ્થા પ્રત્યે વહેતી રહે તેવી અભ્યર્થના કરીએ છીએ.

## પ્રભુશરણ

| પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|
| ૭૩૩૬૫૨ | રશ્મીકાન્ત આર. દેસાઈ (સ્વ. ૨૩-૩-૨૦૨૪) | અમદાવાદ | ૯૯૦૪૪૨૪૭૨૫ |
| ૫૧૭૨૭૭૨ | અલ્કેશ એમ. વાઘેલા (સ્વ. ૨૭-૩-૨૦૨૪) | સુરેન્દ્રનગર | ૮૪૬૯૫૯૫૯૫૬ |
| ૩૩૪૭૧૫ | ઓમપ્રકાશ ભગવાનદાસ ગજા (સ્વ. ૨૭-૦૪-૨૦૨૪) | અમદાવાદ | ૯૪૨૭૯૬૧૫૦૯ |
| ૭૦૩૧૧૩ | રમેશચંદ્ર નગીનદાસ દેસાઈ (સ્વ. ૨૬-૦૪-૨૦૨૪) | અમદાવાદ(નડિયાદ) | ૯૩૭૬૮૧૮૪૬૫ |
| ૧૭૨૧૬૯૦ | ભરતભાઈ નટવરલાલ પારેખ (સ્વ. ૨૮-૦૪-૨૦૨૪) | અમદાવાદ | ૭૯૯૦૮૫૭૩૫૨ |
| ૭૧૨૦૧૯ | નરેશચંદ્ર ગોવિંદલાલ સોની (સ્વ. ૦૧-૦૫-૨૦૨૪) | અમદાવાદ | ૯૭૧૨૦૦૦૧૦૩ |
| ૭૩૪૬૯૧ | રમેશભાઈ એસ. પટેલ (સ્વ. ૧૨-૦૫-૨૦૨૪) | અમદાવાદ | ૯૭૨૭૭૯૯૧૯૦ |
| ૭૩૬૨૫૨ | વસંતભાઈ હરીલાલ શાહ (સ્વ. ૧૫-૦૫-૨૦૨૪) | અમદાવાદ | ૯૮૨૪૦૧૦૯૫૨ |
| ૦૦૦૧૫૩૩ | ગણપત આર. થુલા (ચીફ કેશિયર) (સ્વ. ૧૫-૦૫-૨૦૨૪) | અમદાવાદ | ૯૮૭૯૪૦૮૩૭૦ |
| ૭૪૦૩૦૬ | વી. એસ. નરસિંહમન (એજીએમ) (સ્વ. ૧૧-૦૫-૨૦૨૪) | અમદાવાદ | ૯૮૯૮૭૭૬૪૬૭ |
| ૪૮૧૦૦૧૦૯ | જયેન્દ્રભાઈ રમણલાલ પરીખ (જયુભાઈ) (સ્વ. ૩૦-૦૪-૨૦૨૪) | અમદાવાદ | ૯૯૭૪૩૮૨૦૩૦ |
| ૭૨૬૪૩૫ | પ્રવિણચંદ્ર કે. શાહ (સોની) (સ્વ. ૨૨-૦૨-૨૦૪) | અમદાવાદ | ૯૭૭૯૪૦૮૩૭૦ |
| ૩૫૨૨૨૬૧ | જમનાબેન બચુભાઈ હળપતિ | અટગામ-વલસાડ | ૯૮૯૮૮૩૭૯૪૫ |
| ૭૦૩૭૦૨ | કનૈયારાવ અન્નાપુરે (સ્વ. ૧૮-૦૫-૨૦૨૪) | વડોદરા | ૮૧૫૫૯૧૫૨૨૬ |

## DONATION

| | PF NO | NAME | AMOUNT |
|---|---|---|---|
| 1 | 705683 | ASHWINBHAI DESAI | 5555 |
| 2 | 727733 | KOKILA V. PANDIT | 5001 |
| 3 | 1733184 | AMRISH SHAH | 5001 |
| 4 | 713791 | ASHWIN SHAH | 5000 |
| 5 | 1703153 | ARVIND S. PATEL | 5000 |
| 6 | 1729667 | NILKHANTI MUNSHI | 5000 |
| 7 | 734799 | JAYESH S. MEHTA | 5000 |
| 8 | 1710729 | ANIL M. DANAK | 5000 |
| 9 | 5219353 | MINAXI B. BHATT | 5000 |
| 10 | 736759 | KANUBHAI N. PARIKH | 2500 |
| 11 | 737380 | BHARATBHAI TRIVEDI | 2500 |
| 12 | 1707922 | JYOTIPRAKASH KEWAL RAMANI | 2500 |
| 13 | 742775 | NANAKRAM L. MOTIANI | 2500 |
| 14 | 1705482 | AMRUTLAL HINGRAJIA | 2500 |
| 15 | 1705172 | VINODCHANDRA B. PATEL | 2000 |
| 16 | 1702874 | PRAHLAD I. MEWADA | 2000 |
| 17 | 743933 | SATISH J. BHATT | 2000 |
| 18 | 1725920 | KALPANAA. PANDYA | 1501 |
| 19 | 742295 | JAGDHISH J. JOSHI | 1500 |
| 20 | 729949 | MAHESH N. SHAH | 1500 |
| 21 | 743259 | PINAKINBHAI D. SHUKLA | 1500 |
| 22 | 1704281 | M. N. PARIKH | 1500 |
| 23 | 2894548 | NOOTANKUMAR J. THAKKR | 1111 |
| 24 | 1743252 | LAKHABHAI V. PATEL | 1111 |
| 25 | 1717340 | ANJALI M. VASA | 1101 |
| 26 | 743836 | KAUSHIK DESAI | 1100 |
| 27 | 338844 | ABHAY HARDIKAR | 1100 |
| 28 | 5175097 | SHASHIKANT D. MANDALIA | 1100 |
| 29 | 1718614 | MANILAL F. VAGHELA | 1100 |
| 30 | 1719750 | PARSHOTTAM M. PARMAR | 1000 |
| 31 | 735442 | HARSHAD J. TRIVEDI | 1000 |
| 32 | 705268 | TARAK DIVETIA | 1000 |
| 33 | 1703382 | SURESHBHAI MEHTA | 1000 |
| 34 | 5178746 | VINAY DIXIT | 1000 |
| 35 | | BHARTIBEN N. SHAH | 1000 |
| 36 | 1730096 | YUSUFBHAI D. MOTHA | 1000 |
| 37 | 5172993 | R. R. VANKAR | 1000 |
| 38 | 1701851 | DEVENDRAKUMAR D. THAKKAR | 1000 |
| 39 | 1728415 | J. R. MAKWANA | 1000 |
| 40 | 5173957 | JITENDRA B. RAVAL | 1000 |
| 41 | 715220 | AKSHY U. VAIDYA | 501 |
| 42 | INB IMPS/P2A/UA0595081176/333SBIN | | 501 |
| 43 | 1717855 | JASHBHAI R. PARMAR | 500 |
| 44 | 734217 | OMKAR JOSHI | 500 |
| 45 | 1745301 | UTTAM PATEL | 500 |
| 46 | 1748505 | SANATKUMAR J. SHETH | 500 |
| 47 | 1709992 | C. G. PATEL | 500 |
| 48 | 3509249 | PARAG SARAIYA | 500 |
| 49 | BY TRANSFAR UPI/CR/410669269345/KINJALU | | 500 |
| 50 | 5152484 | MAHESH PANDYA | 301 |




*With Best Compliments*

*from*

# Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**



સામેની વ્યક્તિની પ્રસન્નતા અને ગરિમા જળવાય તે રીતે કરેલી મદદ પ્રાર્થનાની 'હાઈટ' મેળવે છે.


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
( અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત )
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com



અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ અને
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
DR. TEJAS GANDHI
M.S.ORTHO (Gold Medalist)
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
PIONEER IN M.I.C.RO KNEE SURGEON
FELLOWSHIP
SGH Hospital, Singapore,
Oxford University, UK
પ્રીમિયમ સાંધા
ગોલ્ડન સાંધા
ઓક્સિનિયમ સાંધા
સિરામીક સાંધા
૧૫,૦૦૦ થી પણ વધુ
ઘૂંટણ તથા થાપાના સફળ ઓપરેશન
PARTIAL KNEE REPLACEMENT
(UNICONDYLAR KNEE REPLACEMENT)
BENEFITS
•કુદરતી સાંધા નો બચાવ
•સાવ નાના ચેકા દ્વારા ઓપરેશન
•કુદરતી જીવનની અનુભુતી તેમજ લાંબા સમય માટે ટકાઉ
•ફક્ત ૨ દિવસ હોસ્પિટલ રોકાણ
DIRECTOR & HOD
Care & Cure Hospital, Maninagar
Khyati Multispecialist Hospital, SG Highway, Ahmedabad
SBI Pensioner માટે સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ
ફ્રિ કન્સલટેશન ફ્રિ એક્સરે
વધુ માહિતી માટે સંપર્ક કરો અમિત પટેલ
૭૫૭૨૯૩૬૧૯૦
૮૨૩૮૧૩૬૧૯૦
અરિહંત હોસ્પિટલ ઉપનિષદ ૨૦૨/૨૦૩,સેકન્ડ ફ્લોર,
અંડર શ્રેયશ ક્રોસિંગ ફ્લાયઓવર બ્રિજ,
માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદ, ગુજરાત
www.drtejasgandhi.com

# આપણી ભારતીય સ્ટેટ બેંકનો નાણાંકિય વર્ષ-૨૦૨૩-૨૦૨૪નો વિક્રમજનક નફો રૂા. ૬૧,૦૭૭ કરોડ

भारतीय स्टेट बैंक
STATE BANK OF INDIA

## Key Summary of Q4FY24 Results

| ₹ in Crores | Q4FY23 | Q3FY24 | Q4FY24 | YoY % | QoQ % | FY23 | FY24 | YoY % |
|---|---|---|---|---|---|---|---|---|
| **Profit & Loss** | | | | | | | | |
| Interest Income | 92,951 | 1,06,734 | 1,11,043 | 19.46 | 4.04 | 3,32,103 | 4,15,131 | 25.00 |
| Interest Expenses | 52,559 | 66,918 | 69,387 | 32.02 | 3.69 | 1,87,263 | 2,55,255 | 36.31 |
| Net Interest Income | 40,393 | 39,816 | 41,655 | 3.13 | 4.62 | 1,44,841 | 1,59,876 | 10.38 |
| *NIM, % (Domestic)* | *3.84* | *3.34* | *3.47* | *-37 bps* | *13 bps* | *3.58* | *3.43* | *-15 bps* |
| Operating Profit | 24,621 | 20,336 | 28,748 | 16.76 | 41.36 | 83,713 | 93,797 | 12.05 |
| Loan loss provisions | 1,278 | 1,757 | 3,294 | 157.65 | 87.48 | 9,144 | 9,518 | 4.09 |
| **Profit after tax** | **16,695** | **9,164** | **20,698** | **23.98** | **125.87** | **50,232** | **61,077** | **21.59** |

| ₹ in Crores | Mar 23 | Dec 23 | Mar 24 | YoY % | QoQ % |
|---|---|---|---|---|---|
| **Balance Sheet** | | | | | |
| **Gross advances** | **32,69,242** | **35,84,252** | **37,67,535** | **15.24** | **5.11** |
| *Domestic Corporate* | *9,79,768* | *10,24,094* | *11,38,202* | 16.17 | 11.14 |
| *Domestic Retail Personal* | *11,79,152* | *12,96,310* | *13,52,265* | 14.68 | 4.32 |
| *Of which: Home loans* | *6,40,680* | *6,93,897* | *7,25,818* | 13.29 | 4.60 |
| **Deposits** | **44,23,778** | **47,62,221** | **49,16,077** | **11.13** | **3.23** |
| *Domestic CASA* | *18,62,904* | *18,81,297* | *19,41,996* | 4.25 | 3.23 |
| *Domestic Term Deposits* | *23,90,667* | *26,86,630* | *27,82,340* | 16.38 | 3.56 |
| *CASA Ratio (%)* | *43.80* | *41.18* | *41.11* | *-269 bps* | *-7 bps* |
| GNPA | 90,928 | 86,749 | 84,276 | -7.32 | -2.85 |
| NNPA | 21,467 | 22,408 | 21,051 | -1.94 | -6.06 |

| Ratios (%) | Q4FY23 | Q3FY24 | Q4FY24 | YoY, bps | QoQ, bps | FY23 | FY24 | YoY, bps |
|---|---|---|---|---|---|---|---|---|
| **Asset Quality** | | | | | | | | |
| GNPA | 2.78 | 2.42 | 2.24 | -54 | -18 | 2.78 | 2.24 | -54 |
| NNPA | 0.67 | 0.64 | 0.57 | -10 | -7 | 0.67 | 0.57 | -10 |
| PCR (with AUCA) | 91.91 | 91.49 | 91.89 | -2 | 40 | 91.91 | 91.89 | -2 |
| PCR (without AUCA) | 76.39 | 74.17 | 75.02 | -137 | 85 | 76.39 | 75.02 | -137 |
| Slippage Ratio | 0.41 | 0.58 | 0.43 | 2 | -15 | 0.65 | 0.62 | -3 |
| Credit Cost | 0.16 | 0.21 | 0.37 | 21 | 16 | 0.32 | 0.29 | -3 |
| **Capital Ratios** | | | | | | | | |
| CET-1 ratio | 10.27 | 9.09 | 10.36 | 9 | 127 | 10.27 | 10.36 | 9 |
| Tier-1 ratio | 12.06 | 10.58 | 11.93 | -13 | 135 | 12.06 | 11.93 | -13 |
| CAR | 14.68 | 13.05 | 14.28 | -40 | 123 | 14.68 | 14.28 | -40 |

SBI

भारतीय स्टेट बैंक
STATE BANK OF INDIA

**Press Release**

# Q4FY24 RESULTS

## Highlights

### Profitability

- Net Profit for FY24 stands at **₹61,077 crores** witnessing a growth of 21.59% YoY after accounting for wage settlement and one-time exceptional item of ₹7,100 crores. **Net Profit** for Q4FY24 grew by 23.98% to **₹20,698** crores.
- **Operating Profit** for FY24 grew by 12.05% YoY to **₹93,797** crores; while **Operating Profit** for Q4FY24 grew by 16.76% YoY to **₹28,748** crores.
- Bank's **ROA** and **ROE** for FY24 stand at 1.04% and 20.32% respectively.
- **ROA** at 1.36% for Q4FY24 improved by 13 bps YoY.
- Net Interest Income **(NII)** for FY24 increased by 10.38% YoY.
- Whole Bank **NIM** for FY24 is marginally down by 9 bps YoY to 3.28%.

### Balance Sheet

- **Credit growth** is at 15.24% YoY with **Domestic Advances** growing by 16.26% YoY.
- **Corporate Advances** and **Agri Advances** cross ₹11 lakh crores and 3 lakh crores respectively.
- **Foreign Offices' Advances** grew by 9.47% YoY.
- Domestic Advances growth driven by **SME Advances** (20.53% YoY) followed by **Agri Advances** which grew by 17.92% YoY.
- **Retail Personal Advances** and **Corporate** loans registered YoY growth of 14.68% and 16.17% respectively.
- **Whole Bank Deposits** grew at 11.13% YoY, out of which **CASA Deposit** grew by 4.25% YoY. CASA ratio stands at 41.11% as on 31st March 24.

### Asset Quality

- **Gross NPA ratio** at 2.24% improved by 54 bps YoY.
- **Net NPA ratio** at 0.57% improved by 10 bps YoY.
- **PCR (Incl. AUCA)** stands at 91.89% with Provision Coverage Ratio **(PCR)** being at 75.02%.
- **Slippage Ratio** for FY24 improved by 3 bps YoY and stands at 0.62%.
- **Credit Cost** for FY24 improved by 3 bps YoY and stands at 0.29%.

### Capital Adequacy

- Capital Adequacy Ratio **(CAR)** as at the end of FY24 stands at 14.28%.

### Alternate Channels

- Share of Alternate Channels in total transactions increased from ~96.9% in FY23 to ~97.8% in FY24.

## સ્નાયુ ને કાપ્યા વગર (SubVastus) ની ટેકનિક ના ફાયદા

- દુઃખાવો નહીવત
- કસરતો સરળ અને દુઃખાવા રહિત
- ઓપરેશન ના દિવસે જ ચાલી શકાય

WITH OVER 25+ Years EXPERIENCE



**ડો. હેમાંગ બી. અંબાણી**
એમ.બી. એમ.એસ
સીનિયર જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો એટલાન્ટા, ઈન્ડિયાના પોલીસ યુ.એસ.એ.
વુઝબર્ગ–જર્મની, બ્રેસિયા–ઈટાલી

MORE THAN 10,000 + SURGERIES

**ડો. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ, યુ.કે

**ડો. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડો. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની, યુ.એસ.એ

SHIVAM HOSPITAL (SINCE 1996)
Shree Orthocare
Strength in togetherness
KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

E-mail : hemang.ambani@gmail.com
Website : www.hemangambani.com | www.shivamhospitalinfo.com | www.shreeorthocare.com
For Appointment Call Now - 9428595302 | 9428595303

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



## ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦
એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિઃસ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●
સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** જૂન માસની મંથલી મિટીંગ તા. ૧૯-૦૬-૨૦૨૪ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ ● વર્ષ - ૧૭ ● અંક : ૫ ● પ્રકાશન તા. ૨૬-૫-૨૦૨૪**
**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫



હોદ્દાથી માણસ ઓળખાય એના કરતાં, હોદ્દો માણસથી ઓળખાય એ મહત્ત્વનું છે.